મેડીકલ / એન્જીનીયરીંગ / ડીપ્લોમા અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા અનુ.જાતિના વિદ્યાર્થીઓને સાધન સહાયમાં વધારો કરવા તથા આવક મર્યાદા રૂ.૨.૫૦ લાખ કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃએસસીડબલ્યુ/૧૦૧૪/ન.બા.૭૭/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨/૮/૨૦૧૪

વંચાણે લીધાઃ-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૬-૩-૨૦૦૮ નો ઠરાવ ક્રમાંકઃઅજાક-૧૩૦૭-ન.બા.૯- ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તાઃ૧૫/૫/૨૦૧૪નો પત્ર ક્રમાંકઃ અજાક-ગ.૧-૨૦૧૪-૧૫-૬૭૩૮-૩૯.

ઠરાવઃ-

મેડીકલ / એન્જીનીયરીંગ / ડીપ્લોમા /ટેકનિકલ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા અનુ.જાતિના વિદ્યાર્થીઓને સાધનો ખરીદવા વંચાણે લીધા ક્રમ (૧) સામેના ઠરાવથી હાલમાં રૂ.3000/- સહાય આપવાનું ઠરાવવામાં આવેલ છે.

પ્રવર્તમાન સમયમાં ભાવ વધારાને લક્ષમાં લેતા મેડીકલ / એન્જીનીયરીંગ / ડીપ્લોમા / ટેકનિકલ અભ્યાસક્રમના સાધનોની કિમંતમાં વધારો થયેલ છે. આ વધારાને અનુલક્ષીને નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ ના વંચાણે લીધા ક્રમ(૨) સામેના પત્રથી આ યોજનામાં ચુકવાતી સાધન સહાયમાં વધારો કરવા અને ભારત સરકારની પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ યોજના મુજબજ આવક મર્યાદા રૂ.૨.૫૦ લાખ કરવા માટેની નવી સેવાનો સને ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જેને વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે આ યોજનામાં ચુકવવામાં આવતી સહાય રૂ.3000/- થી વધારી નીચે મુજબ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | મેડીકલના વિદ્યાર્થીઓ માટે સહાયનુ ધોરણ | રૂ.૧૦,000/- |
| (૨) | એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ માટે સહાયનુ ધોરણ | રૂ.૫,000/- |
| (૩) | ડિપ્લોમાના વિદ્યાર્થીઓ માટે સહાયનુ ધોરણ | રૂ.3,000/- |

આ યોજનામાં વાર્ષિક આવક મર્યાદા રૂ.૨.૫૦ લાખ કરવામાં આવે છે. આ મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

શરતોઃ-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવતમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મસ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૯૫- અનુસૂચિત જાતિ પેટા યોજના, મુખ્ય સદર- ૨૨૨૫- અનુ.જાતિઓ, આદિજાતિઓ અને અન્યપછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર – ૦૧ – અનુ.જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર- ૨૭૭ શિક્ષણ, પેટા સદર- (૨૬)બીસીકે-૧૨ – અનુ.જાતિના મેડીકલ, એન્જીનીયરીંગ ડીગ્રી/ ડીપ્લોમામા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સાધન સહાય હેઠળ ચાલુ વર્ષે થયેલ જોગવાઇમાંથી કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૩-૬-૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિપલ હડીયલ )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, (નિયામકશ્રી(અજાક)મારફત)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) (નિયામકશ્રી(અજાક)મારફત)
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી(અજાક)મારફત)
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,
કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.